રજુ તારીખ : ૧૫/૦૧/૨૦૧૫
દાખલ તારીખ : ૧૫/૦૧/૨૦૧૫
ફેસલ તારીખ : ૨૬/૦૩/૨૦૨૫
વર્ષ :૧૦, માસ :૦૨, દિવસ : ૧૧.

सत्यमेव जयते

**સાવરકુંડલાના મ્હે. પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ (કું. એચ.ડી. પંડીત) સાહેબની કોર્ટમાં, મુ. સાવરકુંડલા.**

**સ્પે. દિવાની મુકદમા નં.૩૧/૨૦૧૭**
**જુનો સ્પે.દિવાની મુકદમા નં.૦૭/૨૦૧૫ (અમરેલી)**
**આંક –**

**(૧)** ગુજરનાર બાવભાઈ નારણભાઈ કાથરોટીયાના વારસદારો.

(૧) લાભુબેન બાવભાઈ કાથરોટીયા,
ઉ.વ.૭૩, ધંધો–ખેતી.
રહે. કરજાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી.

(૨) મંજુબેન બાવભાઈ કાથરોટીયા તે વા/ઓ ભરતભાઈ કરશનભાઈ ગેવરીયા,
ઉ.વ.૪૩, ધંધો–ખેતી.
રહે. કરજાળા, હાલ–નેસડી, તા.સાવરકુંડલા, જી.અમરેલી.

(૩) કમુબેન (કમળાબેન) બાવભાઈ કાથરોટીયા તે
વા/ઓ ધનસુખભાઈ હંસરાજભાઈ પટેલ,
ઉ.વ.૪૧, ધંધો–ખેતી.
રહે. કરજાળા, હાલ રહે. અસારવા, અમદાવાદ.

(૪) મુકતાબેન બાવભાઈ કાથરોટીયા તે વા/ઓ
દિનેશભાઈ રામભાઈ વાડદોરીયા,

ઉ.વ.૩૯, ધંધો–ખેતી.

રહે. કરજાળા, હાલ રહે.લોકા, તા.મોટા લીલીયા, જી.અમરેલી.

(૫) ભારતીબેન બાવભાઈ કાથરોટીયા તે વા/ઓ

જયસુખભાઈ રવજીભાઈ કોરાટ,

ઉ.વ.૩૭, ધંધો–ખેતી.

રહે. કરજાળા, હાલ રહે. ઉના, જી.ગીર સોમનાથ.

(૬) ગીરીશભાઈ બાવભાઈ કાથરોટીયા,

ઉ.વ.૩૫, ધંધો–ખેતી.

રહે. કરજાળા, હાલ રહે. વાપી, જી.વલસાડ.

(૭) પંકજભાઈ બાવભાઈ કાથરોટીયા,

ઉ.વ.૩૩, ધંધો– ખેતી.

રહે. વાપી, તા.વલસાડ.

**(૨)** મનસુખભાઈ છગનભાઈ કાથરોટીયા,

ઉ.વ.પુખ્ત,

રહે. નાના વરાછા, સુરત.

**(૩)** હરેશભાઈ છગનભાઈ કાથરોટીયા,

ઉ.વ.પુખ્ત,

રહે. નાના વરાછા, સુરત. .... **વાદીઓ**

**વિરુધ્ધ**

(૧) ચતુરભાઈ મનજીભાઈ કાથરોટીયા,

(૨) ભરતભાઈ મનજી કાથરોટીયા,

રહે. નં.૧ અને ૨ કરજાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી.

(૩) શ્રી સરકાર વતી કલેકટરશ્રી, અમરેલી.

(૪) ડી.આઈ.એલ.આર. શ્રી, અમરેલી.

(૫) મામલતદારશ્રી, સાવરકુંડલા. .... **પ્રતીવાદીઓ**

**બાબત : રૂા.૧૦૦૦/– ના આંકથી હકક સ્થાપન તથા વિજ્ઞાપન મળવા તથા કાયમી તાકીદ મળવા અંગેનો દાવો.**

વાદી તરફે વિ. વકીલ શ્રી : વી.એન.જાદવ.

પ્રતિવાદી નં.૧ અને ર તરફે વિ. વકીલ શ્રી : એસ.એ.વિસાણી.

પ્રતિવાદી નં.૩ થી ૫ તરફે ડી.જી.પી.શ્રી. જે.બી.રાજયગુરૂ.

---

**જજમેન્ટ**

---

**(૧)** વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે : આ કામના વાદી નં.૧ થી ૩ તથા પ્રતિવાદી નં.૧ તથા ર સાવરકુંડલા તાલુકાના કરજાળા ગામના ખેડુત ખાતેદારો છે અને ખેતીનો વ્યવસાય કરે છે. તેઓ પક્ષકારો વચ્ચે મોજે કરજાળા સ.નં.૪૬ ની જમીનો ધારણ કરે છે. આ જમીનમાં તેઓના હિસ્સા/માલીકીની જમીન આ કામના પ્રતિવાદી નં.૧ તથા ર નાએ પચાવી પાડેલ હોય તેઓની કાયદેસરની માલીકીની જમીનમાંથી પ્રતિવાદી નં.૧ તથા ર ને દુર કરવા વાદીએ કાર્યવાહી કરતા ઉભા થયેલ વિવાદના કારણે સદરહુ કેસ ઉપસ્થીત થયેલ છે. આ બાબતે નામ. રેવન્યુ કોર્ટમાં પ્રતિવાદી નં.૧ તથા ર ઘ્વારા જુદા જુદા લીટીગેશન કરવામાં આવેલ હતા જે નામંજુર કરવામાં આવ્યા છે. વાદીની જમીન પ્રતિવાદી નં.૧ તથા ર નાએ પચાવી પાડેલ હોય આ તે પરત તેઓને સોંપી આપવાનુ તેઓને જણાવતા તેઓએ વાદીની હકકની જમીન પરત નહી કરતા સદરહુ દાવાનુ કારણ ઉપસ્થિત થયેલ છે.

વાદીઓએ આ કામના પ્રતિવાદીઓ વિરૂઘ્ધ આંક–૧ થી દાવો દાખલ કરેલ છે. જે દાવાની તમામ હકીકતોનુ વિગતવાર વર્ણન કરેલ છે.

દાવાવાળી જમીનનુ વર્ણન :–

અમરેલી ડીસ્ટ્રીકટ સાવરકુંડલા તાલુકાના કરજાળા ગામના રેવન્યુ સ.નં.૪૬ ની જમીન જેને હવે પછી આ દાવામાં વાદગ્રસ્ત કે દાવાવાળી જમીન તરીકે ઓળખવામાં આવી છે. આ જમીન વાદીઓ તથા પ્રતિવાદી નં.૧ અને ૨ ની આવેલ છે. જેમાં તેઓ પક્ષકારોના વડીલોપાર્જીત જમીનના હિસ્સાઓ આવેલ છે. વાદીની દાવાવાળી જમીનની ચર્તુ:સીમા નીચે મુજબ છે. દાવાવાળી જમીનમાં વાદીઓની જમીન એક જથ્થે એકબીજાને લાગીને આવેલ છે. વાદી નં.૧ ની જમીન સ.નં.૪૬ ના ઉતર તરફના ભાગે આવેલ છે. જયારે વાદી નં.ર તથા ૩ ની જમીન વાદી નં.૧ ની જમીનના દક્ષિણ ભાગે તથા પ્રતિવાદી નં.૧ તથા ર ની જમીનના ઉતર ભાગે આવેલ છે.

ઉતર :– વાદી નં.૧ ના હિસ્સાની જમીનની ઉતરે સ.નં.પ૩ ની જમીન આવેલ છે.

દક્ષિણ :– વાદી નં.ર તથા ૩ ની સંયુકત કબજા ભોગવટાની જમીન આવેલ છે તેની દક્ષિણ તરફ આ જ સ.નં.૪૬ ની પ્રતિવાદી નં.૧ તથા ર ની જમીન આવેલ છે.

પૂર્વ :– કબજાળાથી નેસડી જતો ડામર રોડ આવેલ છે.

પશ્ચિમે :– સરકારી પડતર સ.નં.૧૪૬ ની જમીન આવેલ છે.

આમ, વાદીઓની જમીન દક્ષિણ ભાગે પ્રતિવાદી નં.૧ તથા ર ની જમીન આવેલ છે, વાદી અને પ્રતિવાદી નં.૧, ર ની જમીનને જુદો પાડતો શેઢો છે તે શેઢે વાદીની આશરે એ.૧ –૦૪ ગું. જેટલી જમીન પ્રતિવાદી નં.૧ તથા ર નાએ દબાણ કરીને પચાવી પાડેલ છે.

રેવન્યુ સ.નં.૪૬ વાળી જમીન વાદી તથા પ્રતિવાદી નં.૧ તથા ર નીચે મુજબ ધરાવે છે.

| **સ.નં.** | **ધારણકર્તાનુ નામ** | **ક્ષેત્રફળ** |
|---|---|---|
| ૪૬ પૈ.૧ | ચતુરભાઈ મનજીભાઈ કાથરોટીયા (પ્રતિવાદી નં.૧) | એ.પ–૩૬ ગું.હે. ર–૩૮–૭૬ |
| ૪૬ પૈ.ર | ભરતભાઈ મનજીભાઈ કાથરોટીયા (પ્રતિવાદી નં.ર) | એ.પ–૩૬ ગું.હે.ર–૩૮–૭૬ |
| ૪૬ પૈ.૩ | બાવભાઈ નારણભાઈ કાથરોટીયા (વાદી નં.૧) | એ–૪–૧૭ ગું.હે.૧–૭૯–૦૯ |

| | | |
|---|---|---|
| ૪૬ પૈ.૪ | મનસુખભાઈ છગનભાઈ કાથરોટીયા (વાદી નં.૩) | એ.૨–૦૭ ગું.હે.૦–૮૮–૦૨ |
| ૪૬ પૈ.૫ | હરેશભાઈ છગનભાઈ કાથરોટીયા (વાદી નં.૩) | એ.૨–૦૮ ગું. હે.૦–૮૯–૦૩ |
| | | એ.૨૦–૨૪ ગું.હે.૮–૩૩–૬૬ |

સ.નં. ૪૬ ની જમીન બાબતે રેકર્ડ આધારીત હકીકત નીચે મુજબ છે.

પ્રમોલગેશન નોંધ નંગ૭ મુજબ કાનજી ધરમશી સ.નં.૪૬/૧ ની જમીન ધારણ કરતા હતા, તે જ રીતે નોંધ નં.૨૩ મુજબ ડાયા દેવજી સ.નં.૪૬/૨ ની જમીન ધારણ કરતા હતા. આમ પ્રમોલગેશનથી જ સ.નં.૪૬ ના બે હિસ્સાઓ ૪૬/૧ અને ૪૬/૨ અમલમાં રહેલ છે. ગા.નં.નં.૧ મુજબ સ.નં.૪૬ નુ કુલ ક્ષેત્રફળ એ.૨૦–૨૪ ગું. મુકરર કરવામાં આવેલ છે. પ્રમોલગેટ રેવન્યુ રેકર્ડ મુજબ એટલે કે જુના ૭/૧૨ મુજબ સદરહુ સર્વે નંબરના બે હિસ્સાઓ અનુક્રમે કાનજી ધરમશી એ. ૧૧–૩૨ ગું. અને ડાયા દેવજી તથા બાવ નારણએ ૮–૩૨ ગું. મુજબ રેવન્યુ રેકર્ડ અમલમાં હતુ. એટલે મુળભુત રીતે આ જમીનમાં હિસ્સા ૪૬/૧ નુ ક્ષેત્રફળ એ.૧૧–૩૨ ગું. ધારણકર્તા કાનજી ધરમશી તથા ૪૬/૨ નુ ક્ષેત્રફળ એ.૮–૩૨ ગું. ધારણકર્તા ડાયા દેવજી વિ. એ રીતે અમલમાં હતુ. જેમાં કાનજી ધરમશીના હિસ્સાની જમીન હાલના પ્રતિવાદી નં.૧ તથા ૨ ધારણ કરે છે, તેમજ ડાયા દેવજી વાળી જમીન વાદીઓ વડીલોપાર્જીત રીતે ધારણ કરે છે.

કાનજી ધરમશી વાળી જમીનની નોંધ નં.૪૨૪ તા.૧–૦૬–૭૦ થી ભાઈઓ ભાગની વહેચણી કરવામાં આવતા મનજી તથા બાલુ કાનજીના હિસ્સો સ.નં.૪૬/૧ પૈ. ની એ.૫–૩૬ ગું. જમીન આવેલ છે. આમ, કાનજી ધરમશીના હિસ્સાની એ.૧૧–૩૨ ગું. જમીનની સમાન વહેચણી થયેલ છે. ત્યારથી આ સર્વે નંબરના આ બંને હિસ્સાનુ ક્ષેત્રફળ આજદીન સુધી ચાલતુ આવેલ છે. નોંધ નં.૬૨૪ તા.૧૮/૦૫/૮૪ થી થયેલ વહેચણી મુજબ મનજી તથા બાલુ કાનજીના હિસ્સાવાળી એ.૫–૩૬ ગું. જમીન એકલા મનજી કાનજીના હિસ્સે આવેલ છે. નોંધ નં.૮૨૫ તા.૧૦–૨–૯૨ ની જોવામાં આવે તો મનજી કાનજીએ પોતાના ખાતાની જમીનની વહેચણી કરતા ચતુર મનજીના હિસ્સે એ ૫–૩૬ ગું.

તથા ભરત મનજીભાઈના હિસ્સે એ.પ–૩૬ ગું. મુજબ જમીન દાખલ થયેલ છે. જે હાલના રેવન્યુ રેકર્ડ મુજબ ચાલુ છે.

ડાયા દેવજીના હિસ્સાની સ.નં.૪૬/૨ એ.૮–૩૨ ગું. ની જમીનમાં નોંધ નં.૧૭૦ તા.૦૬/૧૨/પપ મુજબ ડાયા દેવજીના હિસ્સે સ.નં.૪૬/૨ પૈ.ની એ.૩–૩૨ ગું. તથા બાવ તથા છગન નારણ દેવજીના હિસ્સે એ.પ–૦૦ ગું. જમીન આવેલ છે. નોંધ નં. પ૯૯ તા.૧પ/૦૮/૮૨ મુજબ એ.૩–૩૨ ગું. જમીન તેમના પુત્ર કાળુભાઈ ડાયાભાઈ ના ખાતે દાખલ થયેલ છે. જે જમીન નોંધ નં.૬૨૯ તા.૧૨–૮–૮૪ થી બાવ નારણ તથા છગન નારણે ખરીદ કરેલ છે. જેથી ડાયા દેવજીના હિસ્સાની તમામ જમીનના ધારણ કર્તા બાવભાઈ નારણભાઈ તથા છગનભાઈ નારણભાઈ બનેલ. નોંધ નં.૯પ૧ તા.૧૭/૦પ/૯૯ થી બાવભાઈ નારણભાઈ તથા છગનભાઈ નારણભાઈના સંયુકત ખાતાની જમીનના ભાઈઓ ભાગે વહેચણી કતા બાવભાઈ નારણભાઈ (વાદી નં.૧) ના હિસસે સ.નં.૪૬/૨ પૈ. ની એ. ૪–૧૭ ગું. તથા છગન નારણના હિસ્સે એ.૪–૧પ ગું. જમીન દાખલ થયેલ છે. છગનભાઈ નારણભાઈના હિસ્સાની જમીનની નોંધ નં.૯૯૩ તા.૧૬–પ–૦૧ થી વહેચણી થતા મનસુખભાઈ છગનભાઈ એટલે કે વાદી નં.૨ ના હિસ્સે એ. ૨–૦૭ ગું. અને હરેશભાઈ છગનભાઈ એટલે કે વાદી નં.૨ ના હિસ્સે એ.૨–૦૭ ગું. અને હરેશભાઈ છગનભાઈ એટલ ે કે વાદી નં.૩ ના હિસ્સે એ. ૨–૦૮ ગું. જમીન દાખલ થયેલ છે. આ નોંધોથી જે હિસ્સાઓ બનેલ છે તે આજ પર્યંત ચાલુ છે.

ઉપરોકત જમીનના પોત હિસ્સાઓ કોમ્પ્યુટરાઈઝડ રેકર્ડ અમલમાં આવતા સુધી અમલમાં હતા. પરંતુ કોમ્પ્યુટરાઈઝડ રેકર્ડ અને ગામ નમુના નં.૧ ના ક્ષેત્રફળમાં એકર ગુંઠાના હેકટર કરવાના કારણે નજીવો તફાવત આવતો હોવાથી મામલતદારશ્રી સાવરકુંડલાના હુકમ નં.જમીન–વશી–૧૦૦પ–૦૯ તા.૧પ–૦૭–૦૯ થી ગામ નમુના નં.૧ મુજબ ક્ષેત્રફળ મેળવી ૭/૧૨ માં સુધારો કરવામાં આવેલ. આ સુધારા હુકમથી જે મુળ પોત હીસ્સા ૪૬/૧ અને ૪૬/૨ જે પ્રમોલગેશન પહેલાથી ચાલતા આવતા હતા તે પોત હિસ્સા નંબર દુર

કરીને  પાંચ પૈકી નંબરો આપી ૭/૧૨ માં સુધારો કરતા હાલના રેકર્ડમાં મુળભુત હિસ્સા નં .૪૬/૧ અને ૪૬/૨ ના બદલે ૪૬ પૈ.૧ થી ૫ નંબરો ચાલે છે.

તેઓ પક્ષકારો ઉપર પેરા નં.ર માં લખ્યા મુજબના રેવન્યુ રેકર્ડ મુજબના હિસ્સાઓ પાડેલ જમીન ધરાવે છે અને ભાઈઓ ભાગે પાડેલ હિસ્સાઓ મુજબ રેવન્યુ રેકર્ડમાં ક્ષેત્રફળ ધરાવે છે. પરંતુ આ જમીનની જયારે ભાઈઓ ભાગે વહેચણી કરવામાં આવેલ ત્યારે વાદીના હિસ્સે એ.૮–૩ર ગું. જમીન આવેલ હોવા છતા વાદીને અન્યાય કરીને એ.૧–૦૪ ગું. જેટલી ઓછી જમીન આપીને વાદીની સાથે છેતરપીંડી કરીને વાદીની જમીન પ્રતિવાદી નં.૧ તથા ર નાએ પચાવી પાડેલ છે તે અંગેનુ મુળ કારણ એવુ છે કે, વાદી પક્ષકારો પિતરાઈ ભાઈઓ થાય છે. પ્રતિવાદી નં.૧, ર ના વડીલ ઉંમરમાં મોટા હતા અને ઘરનો તમામ કારોબાર તેઓ ચલાવતા હતા. જયારે વાદીના વડીલ નારણભાઈ ગુજરી ગયેલ હોવાથી તેના વારસદારો વાદી નં.૧ બાવભાઈ નારણભાઈ તથા વાદી નં.ર અને ૩ ના પિતા છગનભાઈ નારણભાઈ તદદન નાની ઉંમરના અને સગીર હતા. જેથી તેના ગેરલાભ ઉઠાવીને પ્રતિવાદી નં.૧, ર ના વડીલોએ વાદીની એ.૧–૦૪ ગું. જેટલી જમીન પચાવી પાડેલ છે. ટુંકમાં ભાઈઓ ભાગ મુજબ વાદીના હિસ્સે એ.૮–૩ર ગું. જમીન આવતી હતી. જેથી રેકર્ડ મુજબ કાગળ ઉપર એ.૮–૩ર ગું. જમીન વાદીને આપી પરંતુ કુડી દાનતથી વાદીને વાસ્તવીક કબજામાં એ.૧–૦૪ ગું. જમીન ઓછી અચપી અથવા તો વાદીની સગીરાવસ્થાનો ગેરલાભ ઉઠાવીને વાદીની જમીનમાં દબાણ કરીને જમીન પચાવી પાડી. આ બાબતે વાદીને ઘણા સમય સુધી ખ્યાલ પણ આવવા દીધેલ ન હતો. પરંતુ વાદીને જયારે આ બાબતની જાણ થઈ ત્યારે વાદીએ તેના કાયદેસરના હિસ્સાની જમીન વાદીને પરત સોંપવા અને વાદીની જમીન પણ પ્રતિવાદી નં.૧, ર નાએ કરેલ દબાણ દુર કરવાનુ કહેતા તે દબાણ દુર નહી કરતા અને વાદીની જમીન પચાવી પાડેલ હોય, આ દાવો કરવાનુ કારણ ઉપસ્થીત થયેલ છે.

ઉપરની વિગતે રેવન્યુ રેકર્ડમાં અમલમાં છે. પરંતુ સ.નં.૪૬ ની જમીનની સને ૧૯૭૪ ના અરસામાં માપણી કરવામાં આવતા તે આધારે જે ડી.આઈ.એલ.આર. રેકર્ડમાં હિસ્સા પત્રક અને પુરવણી પત્રક બનેલ તેમાં મુળ પ્રમોલગેશનથી ઉલટા પોતે હિસ્સા નંબરો

અને રેવન્યુ રેકર્ડમાં ચાલી આવતા ક્ષેત્રફળને ધ્યાને લીધા સિવાય દુરસ્તીપત્રક તૈયાર કરવામાં આવેલ. જેમાં પોત હિસ્સા નં.૪૬/૧ ના ધારણકર્તા ડાયા દેવજી તથા બાવ નારણ અને ક્ષેત્રફળ એ.૭–૧૩ ગું. અને ૪૬/૨ ના ધારણકર્તા કાનજી ધરમશી ક્ષેત્રફળ એ.૧૧–૧૩ ગું. હોવાનુ દુરસ્તી પત્રક તૈયાર થયેલ છે. સદરહુ દુરસ્તી રેવન્યુ રેકર્ડને બીલકુલ ધ્યાને લીધા સિવાય કરવામાં આવેલ છે. કારણ કે છેક પ્રમોલગેશન પહેલાથી સ.નં.૪૬ ના બે પોત પડેલ છે. ૪૬/૧ અને ૪૬/૨, એટલે કે પૈકી નંબરો નહી પણ પોત હિસ્સા નંબરો પ્રથમથી જ અપાયેલ છે. પોતા હિસ્સા નં.૪૬/૧ ની જમીન કાનજી ધરમશી ધારણ કરતા હતા અને તેના બદલે પુરવણી પત્રકમાં તેનો હિસ્સા નંબર ૪૬/૨ અપાયેલ છે અને ક્ષેત્રફળ એ.૧૧–૩૨ ગું. કરવામાં આવેલ છે. જયારે ડાયા દેવજી વિ. પ્રમોલગેશન પહેલાથી પોત હિસ્સા નં.૪૬/૨ ની એ.૮–૩૨ ગું. જમીન ધારણ કરતા હોવાનુ રેકર્ડ અમલમાં હોવા છતા પુરવણી પત્રકથી તેને હિસ્સા નં.૪૬/૧ અને ક્ષેત્રફળ એ.૭–૧૩ ગું. કાયમ કરવામાં આવેલ છે. આમ, ડી.આઈ.એલ.આર. શ્રીએ અને ૧૯૭૪ માં જે માપણી કરેલ છે તે સમયે રેવન્યુ રેકર્ડમાં પ્રમોલગેશન પહેલાથી ચાલતા પોત હિસ્સાને કે ક્ષેત્રફળને ધ્યાને લીધા નથી. આ રીતે ડી.આઈ.એલ.આર.શ્રી અમરેલી ધ્વારા જે પુરવણી પત્રક બનેલ છે તે પ્રમોલગેટ રેકર્ડથી વિરૂધ્ધ પ્રકારનુ હતું.

સ.નં.૪૬ ની સને ૧૯૭૪ ના અરસામાં સરકારી માપણી થતા વાદીની જમીનનો વાસ્તવીક કબજો ઓછો હોવાનુ રેકર્ડ બનેલ. પરંતુ વાદીની કાયદાકીય અજ્ઞાનતાના કારણે વાદીની ભાગે ઓછી જમીન આપીને વાદીની સાથે છેતરપીંડી કરવામાં આવેલ છે, તેમજ વાદીની જમીન હકકની જમીનમાં દબાણ કરવામાં આવેલ છે તે બાબતથી વાદીને માહીતી ન હતી. બાબતે આ કામના પ્રતિવાદી નં.૧ નાએ ડી.આઈ.એલ.આર. શ્રી અમરેલીના ખોટા પુરવણી પત્રક આધારેની હકક પત્રક નોંધ નં.૧૫૭૧ દાખલ કરાવેલ હતી. જે નોંધના કારણે વાદીનો કાયદેસરનો હકક છીનવાઈ જતો હોવાથી તે નોંધ સામે વાદીએ તકરાર ઉપસ્થિત કરતા મામલતદાર સાહેબ, સાવરકુંડલાએ તકરારી કેસ નં. /૧૧ ચલાવી તા.૧૮/૧/૧૩ ના રોજ નોંધ મંજુર કરતો નિર્ણય કરેલ હતો. જેની સામે

પ્રતિવાદી નં.૧ નાએ નાયબ કલેકટર સાહેબ, સાવરકુંડલાને અપીલ કરતા તેઓ સાહેબે નં .જ.મ.નિ.નિ. ૧૦૮(૫) કેસ નં.૬/૧૩ તા.૯–૧–૧૪ ના હુકમથી આ કામના પ્રતિવાદી નં .૧ ની અપીલ નામંજુર કરેલ છે જેની સામે મહે.કલેકટર સાહેબ અમરેલી સમક્ષ રીવીઝન થતા તેઓ સાહેબના હુકમ નં.જ.મ.નિ.નિ. ૧૯૮(૬) કેસ નં.૪૫/૧૪ ચલાવી તા.૧૦–૯–૧૪ ના ઠરાવથી રીવીઝન અરજ નામંજુર કરી વાદીની તરફેણમાં ચુકાદો આપેલ છે. એટલે કે, ત્રણ નામ. રેવન્યુ કોર્ટ તરફથી વાદીની તરફેણમાં ચુકાદાઓ આપવામાં આવેલ છે અને પ્રતિવાદી નં.૧, ૨ ને કોઈ સ્ટેજે દાદ મળી નથી. જે તમામ હુકમોની નકલો દ.પુ. યાદી મુજબ જોડેલ છે. આમ, દરેક સ્ટેજે પ્રતિવાદી નં.૧ તથા ૨ નાઓ હારી ગયેલ હોય વાદીના વાસ્તવીક રેકર્ડ મુજબની જમીન વાદીને પ્રતિવાદી નં.૧, ૨ નાએ પાછી આપવી જોઈએ. જે પરત ન આવાના કારણે હાલની અપીલનુ કારણ ઉપસ્થીત થયેલ છે.

વાદીના વડીલો તથા પ્રતિવાદી નં.૧, ૨ ના વડીલો એક જ કુટુંબના ભાઈઓ હતા, જેમાં તેઓના વડીલો મોટા હોવાથી અને ઘરનો કારભાર તેઓ જ ચલાવતા હોવાના કારણે તેઓએ મનસ્વી રીતે સ્થળ પર કબજો કરેલ હોવાથી વાદીની જમીન રેવન્યુ રેકર્ડ કરતા કબજામાંથી ઓછી હોવાના કારણે તેઓ બંને પક્ષકારો વચ્ચે રેવન્યુ રેકર્ડ મુજબ સ્થળ પર કબજો કરવા બાબતે વિવાદ ચાલેલ હતો. જેના પરિણામે વાદીએ સને ૨૦૧૧ માં જમીનની માપણી કરાવતા ખરેખર કબજાનુ ક્ષેત્રફળ પણ દુરસ્તીપત્રકના ક્ષેત્રફળ સાથે સુસંગત થતુ નથી. એટલે કે સને ૧૦૭૪ માં થયેલ માપણી ખરેખરના સ્થળ પરના કબજા પ્રમાણે પણ થયેલ નથી. જેથી જે દુરસ્તી સ્થળ પરના કબજા સાથે સુસંગત ન હોય, તેની પણ રેકર્ડમાં અમલવારી કરવી વ્યર્થ છે. જેથી સદરહુ કે.જે.પી. રદ ઠરાવવા નામ. રેવન્યુ કોર્ટે વાદીની માં ગણી માન્ય રાખીને પ્રતિવાદી નં.૧ ની અપીલો દરેક સ્ટેજે નામંજુર કરેલ છે. ટુંકમાં રેવન્યુ રેકર્ડ અને ૧૯૭૪ નુ પુરવણી પત્રક અને સને ૨૦૧૧ માં કરાયેલ કબજા મુજબની માપણી એ ત્રણેમાંથી કોઈપણ એકબીજા સાથે સુસંગત નથી. તેમાં નીચે મુજબ વિસંગતતા ઓ છે.

| પ્રમોલગેટ રેકર્ડના | સને ૧૯૭૪ ના | હાલના કબજેદાર | સને ૨૦૧૧ નુ | રીમાર્કસ |
|---|---|---|---|---|

| પોત હિસ્સા નંબર અને ક્ષેત્રફળ | પોતા હિસ્સા નંબર અને ક્ષેત્રફળ | અને ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ | ખરેખર કબજા મુજબનુ ક્ષેત્રફળ | |
|---|---|---|---|---|
| ૪૬/૧<br>એ.૧૧–૩૨ ગું. | ૪૬/૨<br>એ.૧૩–૧૧ | ચતુર મનજી<br>એ.૫–૩૬ ગું.<br><br>ભરત મનજી<br>એ.૫–૩૬ ગું. | એ.૧૨–૩૬ ગું.<br>હે.૫–૨૨–૦૫ | હાલના ૭/૧૨ અલગ છે, સ્થળે કબજો સંયુકત. |
| ૪૬/૨<br>એ.૮–૩૨ ગું. | ૪૬/૧<br>એ.૭–૧૩ ગું. | બાવ નારણ<br>એ.૪–૧૭ ગું.<br><br>હરેશ છગન<br>એ.૨–૦૭ ગું.<br><br>મનસુખ છગન<br>એ.૨–૦૮ ગું. | એ.૩–૩૦<br>હે.૧–૫૧–૭૬<br><br>એ.૩–૩૮<br>હે.૧–૫૮–૮૫ | હાલના ૭/૧૨ અલગ છે, સ્થળે કબજો સં યુકત |

ઉપરની વિગતે જોતા પ્રમોલગેટ રેકર્ડ કરતા વાદીના ખરેખર કબજાનુ ક્ષેત્રફળ ઓછુ થાય છે. પ્રમોલગેટ રેકર્ડ મુજબ વાદીના હિસ્સે સ.નં.૪૬/૨ ની એ.૮–૩૨ ગું. જમીન આવતી જોઈતી હતી, પરંતુ હાલના વાદીના ખરેખર કબજા મુજબ એ.૭–૨૮ ગું. જમીન થાય છે. એટલે કે, વાદીના ખરેખર કબજામાં એ.૧–૦૪ ગું. જમીન ઓછી આપેલ છે. આ કામના સામાવાળા નં.૧, ૨ ના વડીલો જે તે સમયે કુટુંબમાં મોટા હતા અને ખેતીની જમીનનો વહીવટ કરતા હતા. જેથી તેઓએ વાદી સાથે છેતરપીંડી કરીને વાદીને વાસ્તવીક રીતે જેટલી જમીન આપવાની થતી હતી તેના કરતા ઓછી જમીન આપેલ છે. જેથી રેવન્યુ રેકર્ડ મુજબ વાદીના કબજે ભોગવટે ખરેખર એ.૮–૩૨ ગું. જમીન કરી આપતા તથા તેટલા ક્ષેત્રફળનો વાસ્તવીક કબજો અપાવવા હાલનો દાવો લાવવાનુ કારણ ઉપસ્થિત થયેલ છે.

ઉપર મુજબની વિગતે આ દાવાના કારણો ઉપસ્થિત થયેલ છે તેમજ વાદીના કાયદેસરના હિસ્સે આવતી જમીન પચાવી પાડી પ્રતિવાદી નં.૧, ૨ નાએ વાદીની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરેલ હોવાથી અને નામ. રેવન્યુ કોર્ટમાં તેમના વિરૂઘ્ધ હુકમો થયેલ હોવા છતા દબાણ ખુલ્લુ કરવા ઈન્કાર કહેલ હોવાથી આ દાવાનુ કારણ ઉપસ્થીત થયેલ છે.

**વાદીઓએ આ દાવો લાવી એવી દાદ માંગેલ છે કે,**

(૧) મોજે કરજાળા, તા.સાવરકુંડલાના સ.નં.૪૬ પૈ. ૩ ની એ.૪–૧૭ ગું. વાદી નં.૧ ની, સ.નં.૪૬ પૈ. ૪ ની એ.૨–૦૭ ગું. વાદી નં.૨ ની તથા સ.નં.૪૬ પૈ.૫ ની એ.૨–૦૮ ગું. જમીન વાદી નં.૩ ની માલીકીની કબજા ભોગવટાની તથા રેવન્યુ રેકર્ડ મુજબની છે અને તેમાં પ્રતિવાદી નં.૧, ૨ નો કોઈ લાગભાગ હકક હિસ્સો નથી, તેવુ ઠરાવી આપો.

(૨) આ કામના પ્રતિવાદી નં.૧, ૨ નાએ વાદીની જમીન પચાવી પાડીને વાદીની એ.૧–૦૪ ગું. જેટલી જમીનમાં વાદીઓની જમીનની દક્ષિણ બાજુના ભાગે દબાણ ખુલ્લુ કરાવી આપવા અને તેનો વાદીને શાંત, નિર્ભય કબજો સોંપી આપે તેવો હુકમ થવા ઠરાવી આપો.

(૩) દાવા અરજમાં જણાવ્યા મુજબ વાદીઓના પ્રમોલગેટ રેકર્ડ મુજબ સ.નં.૪૬/૨ ની એ.૮–૩૨ ગું. જમીન વાદીના હિસ્સાની આવેલ છે તે ક્ષેત્રફળ મુજબનો વાસ્તવીક કબજો વાદીને અપાવવા તેમજ વાદીના વાસ્તવીક કબજામાં ઘટતી જમીન પ્રતિવાદી નં.૧ તથા ૨ ના કબજામાંથી પરત લઈ વાદીને અપાવવા હુકમ કરી આપો.

(૪) આ દાવાના કામે પ્રતિવાદી નં.૫ ના ડી.આઈ.એલ.આર.શ્રી અમરેલી મારફતે નામ.કોર્ટ કમિશ્નરશ્રીની રૂબરૂમાં સ્થળે પંચનામુ કરી માપણી કરવામાં આવે તો સ્થળ પરની વાસ્તવીક સ્થિતી થાય તેમજ વાદીની તરફેણમાં ચુકાદો આવે તેમ હોય વાદીએ નામ.કોર્ટ કમીશ્નરશ્રી નીમવા તથા સ્થળ સ્થિતીનુ પંચનામુ તથા માપણી કરવા અલગ અરજીની માંગણી કરેલ છે તે માંગણી ગ્રાહય રાખી તે મુજબ કાર્યવાહી થવા નામ. કોર્ટને નમ્ર અરજ છે.

(૫) આ કામના ચાલતા સ્વાભાવીક રીતે સમય પસાર થાય તેમ હોય કેસ ચાલતા દરમ્યાન પ્રતિવાદી નં.૧, ૨ ના જમીનના ટાઈટલમાં ફેરફાર કરે તેવી

પુરી સંભાવના હોય વાદીએ અલગથી અરજી કરી કેસ ચાલતા સુધીનો વચગાળાનો મનાઈ હુકમ અલગ અરજીથી માંગેલ છે તે માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવા નામ. કોર્ટને નમ્ર અરજ છે.

(૬) વાદીઓની તરફેણમાં માંગણી મુજબ પ્રતિવાદી નં.૧, ૨ વિરૂધ્ધ હુકમનામુ કરી આપતા તેમજ વાદીની જમીનમાં પ્રતિવાદી નં.૧, ૨ ના કોઈ દખલ, અડચણ, અટકાયત કે અવરોધ કરે નહી તેવો હુકમ થવા નમ્ર અરજ છે.

(૭) આ દાવાના કામે નામ.કોર્ટને યોગ્ય લાગે તેવી હરકોઈ દાદ વાદીને અપાવવા નમ્ર અરજ છે.

**(૨)** પ્રતિવાદીને પ્રોસેસ બજવણી થતા પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ દાવાના કામે તેમના વિ. વકીલશ્રી મારફતે હાજર થઈ આંક–૨૬ થી દાવાનો જવાબ રજુ કરી દાવામાં જણાવેલ હકીકતોનો ઈન્કાર કરેલ હોય વધુમાં પ્રતિવાદીની રજુઆત છે કે : આ કામના વાદીનો દાવો ખરો નથી, શુધ્ધ બુધ્ધી પુર્વકનો નથી, કાયદેસરનો ન હોય તેથી પણ કાયદા મુજબ ચાલી શકે તેમ નથી. વાદીની દાવા અરજીના પેરા ૧ ની હકીકત સર્વાંશે ખરી નથી અને વાદીઓ ખેતીનો વ્યવસાય કરતા હોવાની હકીકતો ખરી નથી. વાદીઓના દાવાના પેરા–૩ થી ૧૦ નીહકીકતો સર્વાંશે ખરી નથી અને તેઓને કબુલ નથી. વાદીઓએ તેમના દાવાના પેરા–૧૧ માં તેમણે દબાણ ખુલ્લુ કરાવી લેવા દાવો કરેલ હોવાનુ જણાવેલ છે પરંતુ હેડીંગમાં તેઓએ હકક સ્થાપન અને વિજ્ઞાપનની દાદ મેળવવાની વાત કરી છે તેમના દાવાની માંગણી પણ કંઈક જુદી કરી છે તેથી વાદીનો દાવો કયા પાયા ઉપર છે તે વાદીઓ નકકી કરી શકયા નથી તેથી વાદીઓનો દાવો તદન ખોટો અને ગેરકાયદેસરનો હોય તેથી તે રદ થવા પાત્ર છે. વાદીઓએ તેમના દાવાના પેરા–૧૨ તથા ૧૩ ની હકીકતે વાદીઓએ દાવાવાળી જમીનની બજાર કીમંત કે જંત્રી મંજબની કીમત ગણી તે ઉપર હકુમત નકકી કરી નથી કે તે ઉપર કોર્ટ ફી ચોડેલ ન હોય તેથી પ્રથમ તો તેમને ખુટતી કોર્ટ ફી લગાડવા હુકમ કરવા જરૂરી છે. વાદીઓએ તેમના દાવાના પેરા–૧૪ ની હકીકતે વાદીઓએ જણાવ્યા મુજબ

કલેકટરશ્રીએ કરેલ હુકમ સામે કાર્યવાહી કરવામાં આવેલ છે તે છતા તેઓ જાણે જાણતા ની તેમ જણાવે છે તેમજ તેઓએ કરાવેલ ખોટા હુકમો તથા નોંધો સામે પણ દાવો થયો તે પહેલાથી પ્રવિતાદીની તકરારો કલેકટરશ્રી સમક્ષ ચાલતી હતી તે છતા તે તદન ખોટી હકીકત બતાવવા ગેરપ્રયત્ન કરવામાં આવેલ હોય તેથી તેમજ તે પ્રતિવાદીની ખેતી પ્રતિવાદી પાસેથી ગેરરીતે ગેરલાભ લઈ દબાવી ફોસલાવી બળજબરીથી કબજો પડાવવામાં નિષ્ફળ જતા દાવો તદન ખોટી રીતે તેઓની પાસેથી કઈક ગેરલાભ લેવા કરવામાં આવેલ છે. વાદીઓએ તેમના દાવાના પેરા–૧૫ ની હકીકતે તેઓને નામ. કોર્ટથી માંગેલી કોઈ દાદ મળી શકતી નથી.

ખરી હકીકત એવી છે કે, " અમોની સંયુક્ત માલીકી કબ્જા ભોગવટાની ખેતીની જમીન કરજાળા ગામે રે.સ.નં.૪૬ પૈકી ૨ની એ.૫–૩૬–૦૬ની આવેલી છે. તે જમીન અમોને અમારા પીતા મનજીભાઈ કાનજીભાઈ પાસેથી વારસાઈહકકે મળેલી છે, તેઓને તે જમીન તેમના પીતા કાનજીભાઈ ધરમશીભાઈ પાસેથી વારસાઈહકકે મળેલો છે.તે રે.સ.નં.૪૬ ની જમીનમાં પ્રથમ સને–૭૪માં માપણી થતા, તેવી જમીનના બે હિસ્સા પડેલ હતા અને તે માપણી મુજબ તે વખતે રે.સ.નં.૪૯/૧નો હીસ્સો ડાયાભાઈ દેવજીભાઈ તથા બાવભાઈ નારણભાઈના કબ્જામાં હતો અને તે કબ્જાની માપણી થતા હે,૨–૯૬–૬૦ (એ.૭–૧૩ ગુંઠા ) થયેલ તે જ રીતે રે.સ.નં.૪૬/૨નો હીસ્સો કાનજીભાઈ ધરમશીભાઈના કબ્જામાં હતો અને તે કબ્જાની માપણી થતા હે.૫–૩૬–૦૬ (એ.૧૩–૧૧ ગુંઠા )થયેલ હતો અને તે મુજબ જી.લે.રેકર્ડ અધિકારી તરફથી પુરવણીપત્રક તૈયાર થતા કે.જી.પી. બનાવવામાં આવેલ અને તે મુજબની રેવન્યુ રેકર્ડમાં અમલવારી માટે મોકલી આપવામાં આવેલ હતુ તે માપણી મુજબનું સ્થળે ક્ષેત્રફળ માપ મળી જતુ હોઈ તેથી તે મુજબનું પત્રક બનાવવી મોકલવામાં આવેલ હતુ પરંતુ તે વખતે તેવા કમીજાસ્તીપત્રકની જે હકકપત્રકે નોંધ કરવી જ જોઈએ તે કરવામાં આવેલ નહિ તે જ.મ.કા.મુજબનું કાયમી અને જીંવત અને ખરુ રેકર્ડ છે તે સક્ષમ અધિકારીશ્રીથી રદ કરવામાં ન આવે ત્યાં સુધી તેનો અમલ રેકર્ડ ઉપર કરવાપાત્ર છે. તે શરતચુકથી કરવામાં આવેલ નહિ પરંતુ તે કે.જી.પી.મુજબની જમીનો જે તેના કબ્જે ભોગવટે આજદીન સુધી ચાલતી આવે છે.તેવી જમીનની ઘરમેળે ભાઈઓ ભાગે વહેંચણી થતા રેવન્યુ રેકર્ડ ઉપર તેવી લેન્ડ રેકર્ડના પત્રક મુજબની અમલવારી ન થવા પામતા તેવી જમીન જે રેવન્યુ રેકર્ડમાં આવેલી હતી તેનો હીસ્સે મોટલે ગ્રામ તલાટીશ્રીએ

નકકી કરી રેકર્ડ ઉપર જે તેના કબ્જા કરતા જજુદું ક્ષેત્રફળ બતાવી દઈ હીસ્સાની નોંધો કરી દેવામાં આવી અને સ્થળે ખરો કબ્જો આજદીન સુધી સને–૭૪ની થયેલ માપણી (કે.જી.પી.)મુજબનો ચાલુ રહેવા પામેલ અને તે મુજબના આજપર્યત હદનીશાન તથા ખેડ વાવેતર અમોના તથા વાદીઓના સ્થળે ચાલતા રહેલ છે.તેવી જમીનના લે.રેકર્ડ કચેરીથી બે હીસ્સા એક બે એમ કરવામાં આવેલ છે અને તે હાલ ચાલુ છે.તે જમીનમાં કોઈ પોત હીસ્સામાપણી થઈ અલગ થયેલ નથી.તેથી તેવી જમીનની માપણી કરતા પહેલા તેવા કમી જાસ્તી પત્રકની રેકર્ડમાં નોંધ થવી અને તે મુજબનું મેળવણુ થવું જરૂરી અને કાયદાથી નકકી થયેલ નીચમ મુજબનું હોવા છતા તેવી હકકપત્રકે નોંધ થયેલ ન હોઈ તેથી તેનો ગેરલાભ લઈને વાદીએ તે જમીનની માપણી કરવા માંગણી સને–૧૧–૧૨ માં કરતા તે મુજબની સર્વેયર મારફત માપણી કરવામાં આવી પરંતુ માપણી કરવા માટેના નકકી થયેલ નિયમો મુજબ સર્વેયરે માપણી કરતા પહેલા તે જમીનની અગાઉ માપણી થઈ છે કે કેમ કે તે જમીનના પોત હીસ્સા અલગ થયેલ છે કે કેમ તેની રેવન્યુ રેકર્ડમાં હકકપત્રકે નોંધ થઈ છે કે કેમ તે જમીનના રેવન્યુ રેકર્ડની નકલો ખાતાનો ઉતારો તથા ૭/૧૨ વગેરે રજુ કરાવી તે જોવું જોઈએ તેમજ અગાઉની માપણીથી કાયમ કરેલ માપણી નકશા સાથે રાખી હાલના કઈ જમીનના કેટલા ક્ષેત્રફળના કોના કબ્જા ભોગવટા ચાલુ છે અને તે મુજબ કોણે કઈ જમીનમાં દબાણ કરેલ છે કે કઈ જમીન છુટે છે વગેરે સ્થળમાપણી કરી મેળવણું કરવુ ઘટે તેમ કરવાને બદલે સર્વેયરે તેવી સને–૧૧–૧૨ની માપણી કોઈપણ જાતની પ્રોસીઝર અપનાવ્યા વિના અને જરૂરી નીતીનિયમો મુજબનુ રેકર્ડ મેળવ્યા વિના કે રેકર્ડની તપાસ કે ખરાઈ કર્યા વિના ન થઈ શકે તેવી માપણી કરી દેતા જાણે કે અમોએ વાદીઓની જમીનનું દબાણ કરેલ હોવાની સ્થિતિ ઉભી થઈ,તેથી તેઓએ અમો સામે તેવી થયેલ ખોટી માપણી આધારે અમોને વકીલશ્રી માર્કત નોટીસ આપી તેનો અમોએ ખરો અને સચોટ જવાબ આપી દીધેલ.તે પછી તેઓએ તદ્દન ખોટીરીતે અમો સામે તેમની જમીનનું દબાણ ખૂલ્લુ કરાવી લેવાની દાદ માંગતી અરજ કરેલ, જો કે તેવી અરજ ચલાવવા કે તેવી જમીનનું દબાણ છે તેમ નકકી કરવા તે જોગવાઈ મુજબ હકક કે અધિકાર ન હોઈ તેથી તેવી કાર્યવાહી એકઝી.મેજીસ્ટેટને મોકલી આપેલ અને તેઓ સાહેબે તેવી કાર્યવાહી તેઓ સાહેબથી જણાવેલ જોગવાઈઓ મુજબ કરવાની રહેતી નથી તેવો જવાબ આપી તે રદ કરવામાં આવેલ.તે પછી અમોએ તે સને–૧૯૭૪ ની માપણી તથા પુરવણી પત્રકના આધારે કરવી જોઈતી નોંધ ન થયેલ હોઈ તેથી અમોને સલાહ મળ્યાં મુજબની નોંધ કરાવી લેવા અને રેકર્ડ દુરસ્ત કરી આપવા માંગણી કરતી અરજ કરતા તે અન્વયે રેવન્યુ રેકર્ડમાં નોંધ નં.૧૫૭૧ ની કરવામાં આવી તે કામે વાદીઓને

૧૩૫–ડીની નોટીસ બજતા તેઓએ કાયદા તથા નિયમો મુજબની કરવી પડતી કાર્યવાહીઓ ન કરી કરાવી તદ્દન ખોટો અને ન લઈ શકાય તેવો વાંધો રજુ કરેલ, અમોએ કરાવેલ તેવી નોંધ નીતિનિયમ મુજબની પુરવણી પત્રકની નોંધ હોઈ તેવી નોંધ કે કોઈ હુકમી નોંધ સામે કોઈની કોઈ તકરાર ચાલી શકે નહિ તેવી જોગવાઈઓ હોવા છતા, મામ.શ્રીએ વદીઓના તેવા તદન ખોટા લીધેલ વાંધાને ધ્યાને લઈને તદ્દન ખોટી રીતે તે નોંધને તકરારી બનાવી તકરારી કેસ નંબર આપ્યા વિના તેવી તકરારી એન્ટ્રી ચલાવી તે કામે રજુ થયેલ રેકર્ડ તથા ખરી હકીકતોને નજર અંદાઝ કરી સ્થળે કે રેકર્ડની કોઈ ખરાઈ તપાસ કર્યા વિના તેનો તદ્દન ખોટી રીતે પોતાની સતામર્યાદા બહાર જઈને નિર્ણય કરી દઈ તેવી નોંધ નામંજુર કરતો હુકમ કરી નાંખેલ, તેથી તેવા વાદગ્રસ્ત હુકમથી નારાજ થઈ અમોએ ના.કલેકટર, સાહેબ સમક્ષ નં.જ.મ.નિ. નિ.૧૦૮(૫) કેસ નં. ૬/૧૩ ની દાખલ કરેલ, તે નામજુર કરતો હુકમ થતા તે સામે અમોએ તેવા વાદગ્રસ્ત હુકમથી નારાજ થઈ અમોએ કલેકટરશ્રી સમક્ષ નં.જ.મ.નિ.નિ.૧૦૮(૬)કેસ નં.૪૫/૧૪ ની કરેલ.તેઓ સાહેબે તા.૧૦–૯–૧૪ ના રોજ હુકમ કરીને રજુ થયેલ પુરવણીપત્રક મુજબ નવેસરથી વિગતવાર હકકપત્રક નોંધ દાખલ કરી તેનો રેકર્ડ ઓફ રાઈટસના ધોરણે નિકાલ કરવા ના. કલે.સાહેબને સૂચના આપેલ હતી.તે કલેકટરશ્રીના હુકમ મુજબની હકકપત્રકે નોંધ નં. ૧૭૮૧ની જે તેના કબ્જા મુજબની પુરતી તપાસ તથા સ્થળ તપાસ તથા હકીકતો ઉપરથી દાખલ કરવામાં આવી અને તે નોંધ નં.૧૭૮૧ તા.૧૮–૧૨–૧૪ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે.તે હુકમ મામલતદારશ્રીના ડેલીગેટ પાવરથી કરવામાં આવેલ છે તેથી તે નોંધ નં.૧૭૮૧માં કોઈપણ પ્રકારે ફેરફાર કરવા કરાવવાનો મામલતદારશ્રીને અધિકાર રહેતો નથી.તે પછી તેવી નોંધ નોંધ નં.૧૭૮૧ સામે અત્યાર સુધીમાં વાદીઓથી સમય મુદતમાં કોઈ અપીલ રીવીઝન કરવા કરાવવામાં આવેલ નથી તેથી તેવી નોંધ નં.૧૭૮૧ની કાયમી થવા પામેલ છે.તેવી નોંધ સામે કોઈ વાંધા તકરાર હોઈ તો તેમાં કોઈપણ પ્રકારે ફેરફાર કરવા મામલતદાર સાહેબને કોઈ સતા કે અધિકાર પહોંચતો નથી તેવી નોંધ નામંજ્જુર કરવાનો કે કોઈપણ પ્રકારનો ફેરફાર કરવા કરાવવાનો કે તેવી પ્રમાણીત થયેલ નોંધ સામે કોઈ હુકમ કરવા કરાવવાનો અધિકાર અપીલ અધિકારીનો રહેલ છે.તે છતા મામલતદારશ્રીએ અમોને સાંભળ્યાં વિના કે કોઈ નોટીસ આપ્યા વિના કે કોઈપણ કાયદેસરની પ્રોસીઝર અપનાવ્યા વિના તે નોંધ અન્વયે અમારી જાણ બહાર તેવી નોંધ શરતચૂકથી થઈ છે તેમ જણાવી ક્ષતિ સુધારણા વિષયમાં જણાવેલ હુકમ તા.૫–૨–૧૫ નો કરવામાં આવેલ છે તે તદન સતામર્યાદા બહાર તેમજ તદ્દન ગેરકાયદેસર રીતે કરી તેના આધારે હકકપત્રકે નોંધ નં.૧૮૦૩ની તા.૬–૨–૧૫ની

કરી નાંખવામાં આવી તેની ૧૩૫–ડીની નોટીસ અમોને બજાવવામાં આવતા અમોએ તે સામે અમારા વાંધાઓ રજુ કરેલ છે તે છતા તેઓ તેવી નોંધ મંજુર કરી નાંખવા તેમના હુકમ મુજબ આગળની કાર્યવાહી કરી તેઓએ તે મુજબની નોંધ નં.૧૮૦૩ ની કરી તે નોંધ તદ્દન ખોટી રીતે તેવા તેમના હુકમ સામેની અમોની અપીલ ઉભી હોવા છતા પ્રમાણીત કરી દેતો હુકમ તા.૧૮–૩–૧૫ ના રોજ કરી દીધેલ છે.તેથી તેવો તેમનો હુકમ ખરો કે કાયદેસરનો નથી અને તે રદ કરાવી લેવા અમોને અપીલ કરેલ. ખરી હકીકતે તે હુકમમાં મામલતદાર સાહેબે એવું તારણ કાઢેલ છે કે કલેકટરશ્રીએ નવેસરથી પુરવણી પત્રક બનાવવા અને તેનો અમલ કરવા સૂચના આપેલ છે. ખરી હકીકતે તે અમારી અરજી ચોકકસ નામંજુર થયેલ પરંતુ કલેકટરશ્રીએ તે હુકમમાં બીજી લીટીમાં '' રજુ થયેલ પુરવણી પત્રક મુજબ નવેસરથી વિગતવાર હકકપત્રક નોંધ દાખલ કરી. તેમ સૂચના અપાયેલ છે.તે તદ્દન સ્પષ્ટ ગુજરાતી ભાષામાં લખવામાં આવેલ છે તે ના. કલે. સાહેબ ન સમજી શકે તેવું બની ન શકે? તેમજ મામલતદાર સાહેબને તેવી નોંધ પ્રમાણીત થઈ પરીપકવ થયા પછી તેમાં કોઈ ફેરફાર કરવાની જમીન મહેસુલ કાયદા મુજબ સતા નથી તે પણ જાણમાં ન હોઈ તેવું પણ બની શકે નહિ. તેથી તેઓથી કરવામાં આવેલ હુકમ ગેર તેમજ રદબાતલ છે.તેથી તે અન્વયેની કરવામાં આવેલ નોંધ નં.૧૮૦૩ ની હુકમી નોંધ પણ ગેરકાયદેસર છે તેથી તે કોઈપણ સંજોગોમાં મંજુર કરી શકાય નહિ તેવી અને તદ્દન ગેરકાયદેસરની હોવા છતા, તે બાબતે કલેકટરશ્રીનો હુકમ અરજ નામંજ્જુર કરતો છે તેમ જણાવેલ છે પરંતુ તેમણે તે કામે આપેલ સૂચનાનો અમલ કરવાની મામલતદારશ્રીની ફરજ છે કે કેમ? તે હુકમમાં વર્ણવેલ નથી અને ખરી હકીકતોને ટવીસ કરવાનો ગેરપ્રયત્ન કોઈના ઈશારે કરેલ છે તે કોઈપણ સંજોગોમાં થઈ શકે નહિ.તેવા હુકમ મુજબ તેવા કે.જી.પી.ની અમલવારી કરવાની થતી ન હતી તેમ જણાવી મામલતદારશ્રીએ એક રેવન્યુ અધિકારી તરીકે કંઈ સમજી ન શકતા હો તેવો ડોળ કરેલ છે, કલેકટરશ્રીએ તે હુકમમાં બીજી લીટીમાં ''રજુ થયેલ પુરવણીપત્રક મુજબ નવેસરથી વિગતવાર હકકપત્રક નોંધ દાખલ કરી તેનો રેકર્ડ ઓફ રાઈટના ધોરણે નિયમાનુસાર નિકાલ કરવા" તેમ સૂચના અપાયેલ છે તો રેકર્ડ ઓફ રાઈટ શુ ? તેનો અર્થ રેવન્યુ અધિકારી તરીકે મામલતદારશ્રી ન કરી શકે? તે છતા જાણે કે નવુ પુરવણી પત્રક બનાવવા કલેકટરશ્રીએ જણાવેલ હોઈ અને ફકત રેકર્ડમાં નોંધ રાખવા કહેલ હોઈ તેવો હુકમ કરવામાં કંઈક કાયદા તથા સતાની ગેરસમજ જાણી સમજીને કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે અમો એવું નથી માનતા કે એક મામલતદાર તરીકે મહેસુલના શબ્દોનો અર્થ તેઓ સમજી ન શકતા હોય? તેથી તેઓથી કરવામાં આવેલ હુકમ કાયદેસર કે ખરો નથી કે તેનો અમલ પણ રેકર્ડ ઉપર

કરી શકાતો નથી. તેથી તેના આધારે કરવામાં આવેલ નોંધ રદ કરવા જરૂર હોવા છતા અમોને સાંભળ્યા વિના તેવી નોંધ પ્રમાણીત કરી દેવામાં આવેલ છે.તે રેકર્ડ ઉપર કલેકટરશ્રીના હુકમની નોંધ નં.૧૭૮૧ તે હુકમી અને પુરવણી પત્રકની નોંધ છે, તેની નોટીસ બજાવવાની કાયદાથી જ ફરજીયાત કરવામાં આવેલ નથી.તેવી નોંધ સામે કોઈને વાંધો તકરાર કરવાના પણ અધિકાર નથી. તેની સામે વાંધો હોઈ તો તે પુરવણીપત્રક રદ કરાવવા સક્ષમ ઓથોરીટી સમક્ષ કાર્યવાહી કરવાની રહે છે, તેમ થયેલ નથી. તેથી તેનો અમલ કરવા મામ.શ્રી પણ બંધાયેલા છે. તેથી તેવી થયેલ નોંધમાં કોઈ શરતચુક કે ક્ષતિ થયેલ નથી કે તેવું રેકર્ડ પૂર્વવત કરવા તેવી નોંધ પ્રમાણીત થઈ જતા મામ.શ્રીને કોઈ અધિકાર રહેતો નથી તેથી તેઓથી કરવામાં આવેલ હુકમ સતામર્યાદા બહારનો તથા ખોટો છે. નોંધ નં.૧૮૦૩ની કરી તે નોંધ તદ્દન ખોટી રીતે તેવા તેમના હુકમ સામેની અમોની અપીલ ઉભી હોવાછતા પ્રમાણીત કરી દેતો હુકમ તા.૧૮-૩-૧૫ ના રોજ કરી દીધેલ.તેવા વાદગ્રસ્ત હુકમથી નારાજ થઈ અમોએ અપીલ કરી હતી. તે અમોની અપીલ કલેકટરશ્રીથી તા.૧૭-૧૦-૧૬ ના રોજ મંજુર કરતો હુકમ કરીને તેવો મામલતદારશ્રીનો તા.૫-૨-૧૫ નો હુકમ તથા નોંધ નં.૧૮૦૩ ની અને ના.કલેકટર સા.કુંડલાનો તા.૪-૧-૧૬ નો હુકમ પણ રદ કરતો હુકમ કરી દેવામાં આવેલ છે.તેથી વાદીઓને હવે દાવો કરવા કે અમોએ તેમની જમીનનું દબાણ કરેલ છે તેવું કહેવા કોઈ હકક કે અધિકાર રહેતો નથી અને થયેલ પુરવણી પત્રક યોગ્ય અને ખરુ છે અને તેનો અમલ રેકર્ડ ઉપર કરવાનો જ રહે. તે છતા તેમ ન થતા અને ગેરકાયદેસરની કાર્યવાહીઓ વાદીઓથી થતા તકરાર ઉભી થયેલ હતી.વાદીઓએ પેરા-૮ માં કબુલ કરેલ છે કે સન-૧૯૭૪ ની સરકારી માપણીમાં તેમનો વાસ્તવીક કબ્જો ઓછો હતો પરંતુ તેઓ કાયદાકીય અજ્ઞાન હતા તેથી તેમની સાથે છેતરપીડી થયેલ તેઓએ ૧૯૭૪ થી ૨૦૧૪ સુધીના ચાલીસથી વધુ વરસોના સમયમાં કંઈ કર્યુ નથી તેમના વડીલોએ પણ કંઈ તકરાર કરી નથી તો તેઓને દાવો કરવાનો પણ અધિકાર મળતો નથી.એક વાર પુરવણી પત્રક બન્યા પછી તે જમીનની માપણી પુરવણી પત્રકનો રેકર્ડ ઉપર અમલ ન થાય ત્યાં સુધી તેવી જમીનની માપણી થઈ શકતી નથી તેવી કાયદાની જોગવાઈઓ છે તે છતા તે બધુ ભુલી જઈ વાદીઓએ સને-૨૦૧૧ માં ગેરકાયદેસરની માપણી કરાવી અને તેનો આધાર લઈ તકરાર ઉભી કરી તેથી તેમનો તકરારનો પાયો ગેરકાયદેસરની અને ખોટી કાર્યવાહી છે તેથી ટકી શકતી નથી.કે.જી.પી રદ કરવાની સતા રેવન્યુ અધિકારીને નથી.તેથી વિસંગતતા તો કે.જી.પી.નો અમલ ન કરી ફરી માપણી કરાવતા ઉભી થયેલ છે તેથી તે ખોટી અને ગેર છે.વાદીઓએ તેમના દાવામાં એકની એક વાત અનેક વખત લખી જણાવી છે અને તદ્દન

ખોટી રીતે પુનરાવર્તન કરેલ છે તેથી તેનો ફરી ફરી જવાબ આપવાનું મુનાસીબ ગણતા નથી.તેથી વાદીઓનો દાવો ચાલવાપાત્ર ન હોઈ તેથી તે રદ કરવાપાત્ર છે."

આમ, વાદીઓનો દાવો ખર્ચ સહ રદ કરી પ્રતિવાદીઓને વાદીઓથી ખાસ ખર્ચ અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) પ્રતિવાદી નં.૩ થી ૫ નાઓ તરફે કોઈ જવાબ રજુ કરવામાં આવેલ નથી.

(૪) વાદી તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો ::-</u>**

| **ક્રમ** | **આંક** | **સાહેદનુ નામ** |
|---|---|---|
| ૧ | ૧૦૭ | વાદી નં.૧/૧ થી ૧/૫ અને ૧/૭ ના વહીવટકર્તા તરીકે વાદી નં. ૧/૬ ગીરીશભાઈ બાવભાઈ કાથરોટીયાનુ સરતપાસનુ સોગંદનામુ. |

(૪.૧) આ કામના વાદી પક્ષે આંક-૧૦૮ થી વાદી નં.૧/૧ થી ૧/૫ અને ૧/૭ ના વહીવટકર્તા તરીકે વાદી નં. ૧/૬ ગીરીશભાઈ બાવભાઈ કાથરોટીયા નાઓએ તેમની સરતપાસમાં તેમના દાવા મુજબની હકીકતો દોહરાવેલ છે જેથી પુનરોકતી ના થાય તે માટે તેને દર્શાવેલ નથી. પ્રતિવાદી તરફે કોઈ રીપોર્ટ કે રજુઆત ન હોય જેથી સાહેદની ઉલટતપાસનુ સ્ટેજ બંધ કરવાનો હુકમ કરવામાં આવલ છે.

**<u>દસ્તાવેજી પુરાવો ::-</u>**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજનુ વર્ણન** |
|---|---|---|
| ૧ | ૧૧૫ | વાદીની જમીનના ગામ નમુના નં.૭, ૧૨ ની નકલ. |
| ૨ | ૧૧૬ | પ્રતિવાદીની જમીનના ગામ નમુના નં.૭, ૧૨ ની નકલ. |
| ૩ | ૧૧૭ | રોજકામ |

| | | |
|---|---|---|
| ૪ | ૧૧૮ | પંચ રોજકામ. |
| ૫ | ૧૧૯ | માપણી શીટ. |
| ૬ | ૧૨૦ | નામદાર કોર્ટના હુકમ અન્વયે માપણી કરવા બાબતનો પત્ર. |
| ૭ | ૧૨૧ | કમીશ્નર પત્રની નકલ. |
| ૮ | ૧૨૪ | વાદગ્રસ્ત જમીનના સર્વે નં.૪૬ ગામ નમુના નં.૬ હકક પત્રકની નકલ. |
| ૯ | ૧૨૫ | ડી.એલ.આર. અમરેલી ધ્વારા કરાવેલ માપણીશીટની નકલ. |
| ૧૦ | ૧૨૬ | હિસ્સા ફોર્મ નં.૪ ની નકલ. |
| ૧૧ | ૧૨૭ | જ.મ.નિ.નિ.૧૦૮(૫) કેસ નં.૦૬/૨૦૧૩ના હુકમની નકલ. |
| ૧૨ | ૧૨૮ | કલેકટર અમરેલીના નં.જ.મ.નિ.નિ.૧૦૮(૬) કેસ નં.૪૫/૨૦૧૪ ના હુકમની નકલ. |

વાદીઓ તર્ફે આંક–૧૨૯ થી કલોઝીંગ પુરશીષ રજુ રાખેલ છે.

**(૫)** પ્રતિવાદીઓ તરફે કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

**(૬)** વાદી તર્ફે આંક–૧૩૧ તેમજ પ્રતિવાદી નં.૧ અને ૨ તર્ફે વિ.વકીલશ્રીની મૌખીક દલીલો સાંભળી તેમજ પ્રતિવાદીન ં.૩ થી ૫ તર્ફે કોઈ દલીલ કરવામાં આવેલ નથી, જે ધ્યાને લીધેલ છે.

**(૭)** આંક– ૮૨ થી દાવાના ન્યાયીક નિકાલ માટે મારા પુર્વગામી ન્યાયાધીશ ધ્વારા નીચે મુજબના મુદાઓ ઘડવામાં આવેલ છે.

(૧) Whether plaintiff proves that forefather of Def. No. 1 and 2 have made encoachemtn in the land of plaintiff area about A-1-04 Gutha by cheating since 1974 ?

(૨) Whether defendants no.1 and 2 proves that different between revenue record and physical possession was arose due to non posting of entry of KAMIJASTI PATRAK, which was made in 1974 ?

(૩) Whether defendants proves that this suit is bad by limitation law ?

(૪) Whether applicants is entitled for relief seeking in plaint ?

(૫) What order and decree ?

**(૭.૧)** ઉપરોકત મુદાઓના મારા જવાબ તથા તે જવાબો સબંધેના તારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) હકારમાં

(૪) નકારમાં

(૫) આખરી હુકમ મુજબ.

**<u>:: કારણો ::</u>**

**(૮) મુદા નં.૧ અને ૪ ની સંયુકત ચર્ચા :–**

ઉપરોકત મુદા નં.૧ અને ૪ એકબીજા સાથે સંકળાયેલા હોય પુનરાવર્તન ટાળવા માટે બંનેની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

વાદીએ હાલના દાવામાં જે દાદ માંગી છે તે ડેકલેરેશનની દાદ છે. આ કામમાં પ્રતિવાદી નં.૧, ૨ નાઓનો જવાબ રજુ થયેલ છે પરંતુ કોઈ પુરાવો રજુ થયેલ નથી તે જ રીતે પ્રતિવાદી નં .૩ થી ૫ સરકાર તરફે કોઈએ હાજર રહીને જવાબ રજુ કરેલ નથી કે પુરાવો પણ રજુ કરેલ નથી. વાદીએ પોતાનો કેસ સાબીત કરવા માટે આ કામમાં આંક–૧૦૭ થી વાદી નં.૧ ના વારસદાર તરીકે ગીરીશભાઈ બાવભાઈ કાથરોટીયા નાઓએ સોગદ ઉપર જુબાની રજુ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના વાદી નં.૧ થી ૩ તથા પ્રતિવાદી નં.૧ તથા ૨ સાવરકુંડલાના કરજાળા ગામના ખેડુત ખાતેદારો છે અને ખેતીનો વ્યવસાય કરે છે. પક્ષકારો મોજે કરજાળા સર્વે નં.૪૬ ની જમીનો ધારણ કરે છે અને જમીનમાં તેમના હિસ્સા માલીકીની જમીન આ કામના પ્રતિવાદી નં. ૧ તથા ૨ નાએ પચાવી પાડેલ હોય વાદીઓની કાયદેસરની

માલીકીની જમીનમાથી પ્રતિવાદી નં.૧ તથા ૨ નાઓ દુર કરવા કાર્યવાહી કરતા ઉભા થયેલ વિવાદના કારણે હાલનો કેસ દાખલ કરેલ છે જે બાબતે રેવન્યુ કોર્ટમાં પ્રતિવાદી નં. ૧,૨ ધ્વારા જુદા જુદા લીટીગેશન કરવામાં આવેલ હતા જે નામંજુર કરવામાં આવ્યા છે. વાદીઓની જમીન પ્રતિવાદી નં. ૧,૨ નાઓએ પચાવી પાડેલ હોય તે પરત વાદીઓની સોંપી આપવાનુ પ્રતિવાદીઓ જણાવતા તેઓએ વાદીઓના હકકની જમીન પરત નહી કરતા દાવાનુ કારણ ઉપસ્થીત થયેલ છે. આ સાહેદએ વાદવાળી જમીનનુ વિસ્તારથી વર્ણન કરેલ છે. વાદીઓની રજુઆત મુજબ વાદીઓના હીસ્સે આવી જમીનમાં પ્રતિવાદીઓએ એકર ૧–૦૪ ગુઠા જમીનનુ દબાણ કરેલ છે અને આ દબાણ ૧૯૭૪ થી કરેલાનુ જણાવેલ છે જયારે પ્રતિવાદી નં. ૧,૨ તરફે દલીલ કરતા જણાવે છે કે, પુરવણી પત્રક અને કમીજાસ્તી પત્રકની નોંધ કરવાની રહી ગયેલી તેના હિસાબે વાદીઓના હિસ્સે રેવન્યુ રેકર્ડમાં વધુ જમીન દર્શાવેલ છે. આમ, બંને પક્ષોની રજુઆત જોતા પક્ષકારો વચ્ચે આ જમીન અંગે રેવન્યુ પ્રકરણો ચાલેલા છે પરંતુ કોર્ટે તે નકકી કરવાનુ છે કે, પ્રતિવાદીઓએ વાદીની જમીનમાં એકર ૧–૦૪ ગુઠા જમીનમાં દબાણ કરેલ છે ? વાદીના જણાવ્યા મુજબ સને ૨૦૧૧ માં તેઓએ માપણી કરાવેલી ત્યારે સ્થળ ઉપર તેમના રેવન્યુ રેકર્ડ કરતા ઓછી જમીન ભાગે આવેલી જે માલુમ પડેલુ. વાદીઓએ સને ૨૦૧૧ માં માપણી કરાવેલી તે માપણી શીટ ઉપર વાદી આધાર રાખે છે જે આ કામમાં આંક–૧૧૯ થી રજુ કરાવમાં આવેલ છે જે ધ્યાને લેવામાં આવે તેમાં સર્વે નં.૪૬ આખા નંબરની માપણી કરવામાં આવેલ છે અને તે માપણી શીટની સમજુતીમાં સર્વે નં .૪૬ માં લાગુ સર્વે નં.૧૨૬ વાળા અમુક ક્ષેત્રફળમાં કબજો કરેલાનુ જણાવેલ છે જયારે સર્વે નં .૧૨૬ માં વાળી જમીનમાં અમુક ક્ષેત્રફળમાં સર્વે નં.૪૬ વાળાઓ કબજો કરેલાનુ જણાવેલ છે પરતુ સર્વે નં. ૪૬ ના પૈકી નંબરો પૈકી કોણે કયા પૈકી નંબરમાં કેટલા ક્ષેત્રફળનો કબજો કરેલ છે તેની કોઈ સ્પષ્ટતા આ માપણી શીટની સમજુતીમાં આપેલ નથી. આ કામમાં વાદીઓએ આંક–૧૨૫ થી ડી.આઈ.એલ.આર. તરફથી કરવામાં આવેલ માપણી શીટ રજુ કરેલ છે. જેમાં સર્વે ૧૨૬ ની જગ્યામાં સર્વે નં.૪૬ પૈકીનો કબજો છે જેનો ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦–૦૨–૧૪ છે જમીન સર્વે નં.૪૬ ની છે જયા હાલ સર્વે નં.૧૨૬ નો કબજો છે

જેનુ ક્ષેત્રફળ હે.આરે. ચો.મી. ૦–૦૦–૭૫ છે. સર્વે ૧૨૬ ની જમીન છે જયા હાલ સર્વ નં. ૪૬/પૈકીનો કબજો છે જે હે.આરે.ચો.મી.૦–૦૬–૧૬ છે. સર્વે ૧૨૬ ની છે તેમાં ૪૬ પૈકીનો કબજો છે જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦–૧૦–૩૭ છે. સર્વે નં.૪૨ ની જમીન છે જયા હાલ સર્વે નં.૪૬ પૈકીનો કબજો છે જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦–૦૩–૬૫ છે. જમીન સર્વે નં.૪૬ પૈકીની છે જયા હાલ સર્વે નં. ૪૧ નો કબજો છે જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦–૦૪–૧૬ છે. જમીન  સર્વે નં. ૪૬/પૈકીની છે જયા હાલ લાગુ નેસડીનો મારગ આવેલ છે જેનુ ક્ષેત્રફળ હે.આ.ચો.મી. ૦–૦૨–૧૨ છે. નેસડીનો મારગની જે જગ્યા છે સર્વે નં .૪૬/પૈકીનો કબજો છે જેનુ ક્ષેત્રફળ હે.આર.ચો.મી. ૦–૦૦–૩૦ છે. વાદી તરફે આ કામમાં કોઈ  રેવન્યુ ઓથોરીટીને તપાસવામાં આવેલ નથી જેને માપણી કરેલ હોય અથવા એન્ટ્રી કરેલ હોય તેવા અધિકારી આ બાબતની સ્પષ્ટતા કરી શકે. જેથી આ માપણી શીટથી દબાણ હોવાનુ સ્પષ્ટ થતુ નથી. પ્રતિવાદીઓ વાદીની જમીનમાં દબાણ કરેલ છે તે હકીકત માપણી શીટ પરથી સ્પષ્ટ થતી નથી અને દબાણ થયેલાનુ સ્પષ્ટ જણાય આવતુ ન હોવાથી તેવુ કહી શકાય નહી કે વાદીઓની જમીનમાં દબાણ કરેલ છે. વાદીઓનુ એવુ કહેવુ છે કે, પ્રતિવાદીઓ તેમની જમીનમાં દબાણ કરેલ છે અને આ જમીન પ્રતિવાદીઓ અન્ય કોઈને વેચાણ કરે અથવા તેના ઉપર બોજો ઉપર કરે તો વાદીઓનો હકક માર્યો જાય તેમ છે જે દબાણ છે તે કયા ભાગમાં છે તે કઈ જગ્યાએ આવેલ છે તે અંગે માપણી શીટમાંથી કોઈ હકીકત સ્પષ્ટ જણાવેલ નથી. જયા સુધી દબાણ વાળો ભાગ સ્પષ્ટ ના થાય ત્યા સુધી વાદીને માગ્યા મુજબની દાદ મળી શકે નહી. આ ઉપરાંત દબાણ વાળો ભાગ વાદીઓના જણાવ્યા મુજબ બે થી અઢી વીઘાનો આસપાસનો છે અને તેટલા ક્ષેત્રફળની જમીન અન્યને વેચી શકાય નહી કારણ કે ટુકડા ધારાનો બાધ નડે. જેથી વાદીઓએ જે દાદ માંગેલ છે કે, પ્રતિવાદીઓ આ જમીન વેચી નાખશે તેવી શકયતા છે તે માની શકાય તેમ નથી અને દાવો પુરો થવાના નજીક છે પરંતુ ત્યા સુધી પ્રતિવાદીઓએ વેચી નાખવાનો પ્રયત્ન કરેલ હોય તેવુ રેકર્ડ ઉપર વાદી લાવી શકેલા નથી.

જેથી વાદી તેવુ પુરવાર કરી શકેલા નથી કે, પ્રતિવાદી નં. ૧, ૨ ના પુર્વજોએ વાદીની જમીનમાં દબાણ કરેલ છે અને તે દબાણ એ–૧–૦૪ ગુઠા સને ૧૯૭૪ થી છેતરપીંડી કરી દબાણ કરેલ છે. જેથી મુદા નં.૧ નો જવાબ નકારમા આપુ છુ.

વાદી જયારે પોતાનો કેસ સાબીત કરી શકેલા નથી અને મુદા નં.૧ પુરવાર કરી શકેલા નથી તેવા કીસ્સામાં વાદીને માગ્યા મુજબની કોઈ દાદ મળી શકે નહી તેવુ આ કોર્ટનુ માનવુ છે જેથી મુદા નં.૪ નો જવાબ નકારમાં આપુ છુ.

## (૯) મુદા નં.૨ ની ચર્ચા :–

આ મુદો આ કામના પ્રતિવાદી નં. ૧ ના શીરે પુરવાર કરવાનુ છે પરંતુ પ્રતિવાદી નં. ૧, ૨ નાઓએ તેમનો જવાબ રજુ કરેલ છે પરંતુ સોગંદ ઉપર કોઈ સાહેદોના તપાસેલા નથી કે મૌખીક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી. જેથી મુદા નં.૨ પ્રતિવાદીઓ પુરવાર કરી શકેલા નથી જેથી તેનો જવાબ નકારમાં આપુ છુ.

## (૧૦) મુદા નં.૩ ની ચર્ચા :–

મુદા નં.૩ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ સાબીત કરવાનો બોજો પ્રતિવાદીઓ ઉપર નાખેલ છે કે, શુ દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે ? ખરેખર આ મુદો 'લો' પોઈન્ટનો છે જેથી તે કોર્ટે નકકી કરવાનુ હોય છે અને કોઈ પક્ષકારે પુરવાર કરવાનુ હોતુ નથી. જેથી હાલના મુદાની હવે પછી આ રીતે વાચવુ કે, '' **શુ વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે ?** '' હાલના દાવામાં જે પ્રમોલગેશન થયેલ છે તે ૧૯૭૪ માં થયેલ છે અને હાલનો દાવો વાદીઓએ વર્ષ ૨૦૧૫ ની સાલમાં દાખલ કરેલ છે. ૧૯૭૪ માં સર્વે ન. ૪૬ નુ સરકારી માપણી થતા વાદીઓનો કબજો ઓછો હોવાનુ રેકર્ડ પર આવેલ છે તેવુ વાદીઓનુ કથન છે. વાદીઓનું કહેવુ છે કે, તેમની સાથે છેતરપીંડી થયેલ છે અને તેઓ કાયદાથી અજ્ઞાન હતા અને પ્રતિવાદી નં.૧ નાએ ડી.આઈ.એલ.આર. અમરેલીના ખોટા પુરવણી પત્રક આધારે પત્રક નોંધ નં.૧૫૭૧ દાખલ કરાવેલ હતી જેની સામે વાદીઓ મામલતદાર સાવર

કુંડલામાં તકરારી કેસ ચલાવેલ જે નામંજુર કરતો નિર્ણય કરવામાં આવેલ અને ત્યારબાદ બીજા પક્ષકાર નારાજ હોય તેઓએ અપીલ અને રીવીઝનો કરેલ.વાદી જે તકરાર લઈને આવેલા છે તે મુળ ૧૯૭૪ માં થયેલ પ્રમોલગેશન બાબતની છે. જેથી વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે. જયારે પ્રતિવાદી જણાવે છે કે, પ્રતિવાદીઓ દબાણ કરી કબજો લઈ લીધેલ છે તો આટલા વર્ષોથી વાદી કેમ ચુપચાપ બેઠા રહેલ. વહેચણીની નોંધ વર્ષ ૧૯૭૦ માં પડી. આમ, વાદીઓ ૫૦ વર્ષ ઉપરાંતની જુની એન્ટ્રીને ચેલેન્જ કરે છે જે વાદીઓ ઘ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાથી સ્પષ્ટ થાય છે જેથી વાદીઓનો દાવો સમય મર્યાદામાં નથી તેવુ આ કોર્ટનુ માનવુ છે. જેથી મુદા નં.૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

આમ, ઉપરોકત મુદાઓની ચર્ચાના અંતે મુદા નં.૧,૨,૪ નો જવાબ નકારમાં આપુ છુ, જયારે મુદા નં.૩ નો જવાબ હકારમાં આપુ છુ અને મુદા નં.૫ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: <u>હુકમ :-</u>**

(૧) વાદીઓનો હાલનો દાવો આથી **નાંમંજુર(રદ)** કરવામાં આવે છે.

(૨) પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ ભોગવવો.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૬/૦૩/૨૦૨૫
સાવરકુંડલા

(કું. હેમલતા દાઉજી પંડીત)
પ્રિન્સીપાલ સીનીયર સિવીલ જજ
સાવરકુંડલા
કોડ : જી. જે.૦૦૬૯૪